UNITED FILM ORGANIZERS

PUBLICATION : GUJRAT SAMACHAR; EDITION : MUMBAI; DATE : NOVEMBER 23, 2005

# બોલીવૂડમાં નવા અધ્યાયનો આરંભ: સેટેલાઈટ દ્વારા દેશભરમાં ફિલ્મ રજૂ કરાશે

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ, તા. ૨૨

બોલીવૂડમાં એક નવા અધ્યાયની શરૂઆત થઈ રહી છે. પાયરસીને કારણે અનેક નિર્માતાઓને કરોડનું નુકસાન જાય છે. મોટાં સેન્ટરોમાં ફિલ્મ રિલીઝ થયાં પછી 'બી' અને 'સી' ગ્રેડનાં સેન્ટરોમાં ફિલ્મ રિલીઝ કરતાં અગાઉ ખાસ્સો સમય ચાલ્યો જાય છે, આ સમયગાળામાં ફિલ્મની નકલી વીસીડી તૈયાર કરીને વેચી મારવામાં આવે છે, તેનાં કારણે નાના સેન્ટરોમાં ફિલ્મ રજૂ થાય તે અગાઉ જ વીડિયો સીડી પહોંચી જતાં ત્યાંથી કમાણી થતી નથી. આ સમસ્યાને પહોંચી વળવા માટે 'યુનાઈટેડ ફિલ્મ ઓર્ગેનાઈઝર્સ' (યુ.એફ.ઓ.- યુફો) દ્વારા યુફો મુવીઝની શરૂઆત કરવામાં આવી છે.

## આગામી બે વર્ષમાં ૩૦૦ કરોડને ખર્ચે ૨૦૦૦ ડિજિટલ થિયેટર હશે

એપોલો ટાયર્સ જૂથ દ્વારા ડિજિટલ સિનેમા નેટવર્કની શરૂઆત કરવામાં આવી છે. શરૂઆતમાં રૂા. ૮૦ કરોડને ખર્ચે ભારતભરમાં ૫૦૦ ડિજિટલ મુવી હોલ ઉભા કરવામાં આવશે અને ૨૦૦૭ સુધીમાં રૂા. ૩૦૦ કરોડને ખર્ચે ૨૦૦૦ સિનેમા હોલ તૈયાર કરવામાં આવશે. આ નેટવર્ક દ્વારા સારી ક્વોલીટીવાળી ફિલ્મોની જોવા મળશે. ઉપગ્રહ દ્વારા એકસાથે ૨૦૦૦ થિયેટરને સાંકળી લેવામાં આવશે એટલે ફિલ્મોની પ્રિન્ટ કઢાવવામાં જે ખર્ચ થાય છે એ બચાવી શકાશે.

બીજું, એકસાથે આ ફિલ્મ મોટાં અને નાના બધાં જ સેન્ટરોમાં રજૂ થશે એટલે પાયરસી થવાનો ડર પણ નહીં રહે. બાકી, એક સાથે ૫૦૦થી ૨૦૦૦ થિયેટરમાં આ ફિલ્મ રજૂ થવાથી વિતરક અને એક્ઝીબીટર્સ પણ પહેલાં જ અઠવાડિયે ભરપૂર કમાણી કરી લેશે. આમ, અત્યાર સુધી બોલીવૂડની કમાણી બહાર ખેંચાઈ જાય છે, તે હવે બોલીવૂડમાં જ આવશે. હિન્દી ફિલ્મ ઉદ્યોગના જાણીતાં નિર્માતા-દિગ્દર્શક યશ ચોપરાએ આ યોજનાને આવકારી હતી અને યુફો મુવીઝના ઓ.એસ. કન્વર, તેમજ આ કંપનીના ડિરેક્ટર રાજા કન્વર, સંજય ગાયકવાડ અને ઉસ્માન ફયાઝને દરેક પ્રકારની સહાય કરવાની તૈયારી દાખવી હતી. ફિલ્મની વધારાની પ્રિન્ટ કાઢવાના ખર્ચામાંથી બચી જતાં તે નાણાંનો વધુ સારો ઉપયોગ ફિલ્મનાં માર્કેટીંગ માટે કરી શકાશે એવી આશા તેમણે વ્યક્ત કરી હતી. એપોલો ઈન્ટરનેશનલ લિમિટેડની સહિયારી કંપની વેલ્યુએબલ મીડિયા પ્રા. લિ.ના આ નવા સાહસ 'યુફો મુવીઝ' હેઠળ હાલ ભારત ભરમાં ૧૦૦ ડિજિટલ સિનેમા ગ્રહોને આવરી લેવાયાં છે.